Gujarat Mitra, Surat, 03/05/2026
Page No: 12, Size: 31.33cm × 45.01cm

Bullet Train: Roof ready with diamond cut design

# બુલેટ ટ્રેન: ડાયમંડ કટ ડિઝાઇન સાથે છત તૈયાર

**દેશના** પહેલાં બુલેટ ટ્રેન સ્ટેશન સુરતનું સિવિલ વર્ક અંતિમ તબક્કામાં પહોંચ્યું

સુરતઃ દેશનું સૌપ્રથમ બુલેટ ટ્રેનનું સ્ટેશન સુરતના અંત્રોલી ખાતે આકાર પામી રહ્યું છે. સ્ટેશનનું સિવિલ વર્ક અંતિમ તબક્કામાં પહોંચ્યું છે. એકાદ-બે મહિનામાં પૂર્ણ થશે. હાલ ફિનિશિંગ

બુલેટ ટ્રેનનું સ્ટેશન જોવા QR કોડ સ્કેન કરો.

...અનુસંધાન પાના ૯ પર

## બીજા માળે પ્લેટફોર્મ, 300ની સ્પીડે ટ્રેન દોડે તો પણ જર્ક લાગશે નહીં

બુલેટ ટ્રેન સ્ટેશનના બીજા માળે પ્લેટફોર્મ છે. અહીં કુલ ચાર ટ્રેક છે. જેનું કામ પૂર્ણ થઈ ચૂક્યું છે. વચ્ચે બે ટ્રેક અને આજુ બાજુમાં એક એક ટ્રેક છે. ડાબી કોર્નરના ટ્રેક પર અમદાવાદ તરફ જતી અને જમણી

...અનુસંધાન પાના ૯ પર







(તસવીરો : હેમંત ડેરે)

## જાપાનીઝ કન્સેપ્ટના આધારે કોન્કર્સ એરિયા બનાવાયો

અનપેઈડ એરિયાથી પેઈડ એરિયાને એક ગ્લાસ ડોરથી અલગ કરવામાં આવશે. પડદાં પણ લગાવાશે. પેઈડ એરિયા એ જ લોકો માટે છે જેઓ ટ્રેનની મુસાફરી માટે ટિકીટ ખરીદી હોય. ટિકિટ સિવાય અંદર પ્રવેશ મળશે નહીં. આ એરિયા જાપાનીઝ કન્સેપ્ટ પર આધારીત છે. અહીં એસી લગાવાયું નથી.

...અનુસંધાન પાના ૯ પર

## લિફ્ટમાં બેસી સીધા પ્લેટફોર્મ પર જઈ શકાશે



બુલેટ ટ્રેન સ્ટેશનની ખાસ વાત એ છે કે વિકલાંગ કે સિનિયર સિટિઝન લિફ્ટમાં બેસી સીધા પ્લેટફોર્મ પર જઈ શકશે. 26 પેસેન્જરની ક્ષમતા ધરાવતી એક એવી પાંચ લિફ્ટ છે. એસ્કેલેટર અને લિફ્ટની ગોઠવણ પણ સુયોગ્ય કરાઈ છે. ડાબી તરફના એસ્કેલેટર કે લિફ્ટમાં બેસો એટલે અમદાવાદ તરફની ટ્રેન મળે અને જમણી તરફના લિફ્ટ કે એસ્કેલેટરનો ઉપયોગ કરો એટલે મુંબઈ તરફની ટ્રેન મળે. પ્લેટફોર્મ પર પહોંચ્યા બાદ કોઈ કન્ફ્યૂઝન જ નહીં.

## ડાયમંડ કટ ફેસેટ એલિવેશનનું કામ શરૂ થયું

બુલેટ ટ્રેન સ્ટેશનનું સૌથી મહત્ત્વનું આકર્ષણ ડાયમંડ ફેસેટ કટનું એન્ટ્રી એલિવેશન છે. ડાયમંડ નગરી સુરતની ઓળખ સમાન ડિઝાઈન બુલેટ ટ્રેન સ્ટેશનની નક્કી કરાઈ છે. આ ડાયમંડ ફેસેટ કટ એલિવેશનનું કામ શરૂ થઈ ચૂક્યું છે. હાલ એલિવેશનનું સિવિલ વર્ક ચાલી રહ્યું છે. થોડા સમયમાં આકર્ષક ડિઝાઈનર રંગબેરંગી ગ્લાસ લગાડવામાં આવશે.

### બુલેટ ટ્રેન સ્ટેશનની ખાસિયત

**કોન્કોર્સ લેવલઃ** વેઈટિંગ લાઉન્જ, રેસ્ટરૂમ્સ, કિઓસ્ક્સ, ટિકિટ કાઉન્ટર.
**બીજો માળઃ** પ્લેટફોર્મ.




## પ્લેટફોર્મ પર સંપૂર્ણ હવા-ઉજાસ અનુભવાશે



પ્લેટફોર્મ ઉપર સૂર્યપ્રકાશ સીધો પડે તે રીતે છત બનાવાઈ છે. વચ્ચે વચ્ચે ગેપ છે, પરંતુ વરસાદી પાણી પ્લેટફોર્મ પર ન પડે તેવી ડિઝાઈન બનાવાઈ છે. વળી, વરસાદી પાણી નીચે પણ સીધું ન પડે તે માટે રેઈન વોટર હાર્વેસ્ટિંગ સિસ્ટમ લગાવાઈ છે. પાણી સીધું નીચે સ્ટોર થશે.

## અનુસંધાન ... પાના છેલ્લાનું

### બુલેટ ટ્રેન...

વર્ક ચાલી રહ્યું છે. બુલેટ ટ્રેન સ્ટેશનને અંદર અને બહાર બંને તરફથી ખૂબ જ આકર્ષક બનાવવામાં આવી રહ્યું છે. હાલ બહારની તરફ ડાયમંડ ફેસેટ કટમાં એલિવેશન બની રહ્યું છે, જ્યારે અંદરની તરફ ટ્રેક લાગી ચૂક્યા છે. સિલિંગનું કામ પૂરું થઈ ચૂક્યું છે. સિલિંગ પણ આકર્ષક ડાયમંડ કટ ડિઝાઈનમાં જ બનાવાઈ છે. આ સિલિંગમાં જ એસી ફિટ કરાયા છે. તેની અંદર જ તમામ પ્રકારનું વાયરિંગ વર્ક કરી દેવાયું છે. 100 વર્ષ સુધી કોઈ તકલીફ ન પડે અને સરળતાથી મરામત કરી શકાય તે પ્રમાણે બુલેટ ટ્રેન સ્ટેશનનું સિવિલ વર્ક કરાયું છે. જોકે, સૌથી આનંદની વાત એ છે કે દેશના પહેલાં બુલેટ ટ્રેન સ્ટેશન પર સુરતનું બોર્ડ લાગી ચૂક્યું છે.

બુલેટ ટ્રેન સ્ટેશનના ગ્રાઉન્ડ ફ્લોર પર સિક્યોરિટી ચેક અને મોલ્સ જેવી દુકાનો માટેની જગ્યા ફાળવવામાં આવી છે. અહીં બે એસ્કેલેટર, દાદર અને એક લિફ્ટ છે, જેની મદદથી પહેલાં માળે કોન્કર્સ એરિયામાં જઈ શકાય છે. કોન્કર્સ એરિયા અતિ મહત્ત્વનો છે. તે 4720 સ્કે.મીટર વિસ્તારમાં ફેલાયેલો છે. કોન્કર્સ એરિયાને બે ભાગમાં વિભાજિત કરાયો છે. પેઈડ એરિયામાં એસી નથી અને અનપેઈડ એરિયામાં એસી છે. અહીં ટિકીટ મશીન, ટિકીટ કાઉન્ટર, વેઈટીંગ એરિયા છે. તે ઉપરાંત બેબી ફિડીંગ, નર્સરી બિઝનેસ લોન્જ માટે અલગ જગ્યા ફાળવવામાં આવી છે. સિવિલ વર્ક થયું છે. હવે ઈન્ટરીયર ડિઝાઈનિંગનું વર્ક ચાલુ થશે.

### બીજા માળે...

તરફના ટ્રેક પર મુંબઈ તરફ જતી ટ્રેન ઉભી રહેશે. વચ્ચેના બે ટ્રેક પર કોઈ ટ્રેન ઉભી રહે નહીં. તે સડસડાટ દોડી જશે. આ ટ્રેક પણ વિશેષ ટેક્નોલોજીથી બનાવાયા છે. સ્લેબના બે લેયર વચ્ચે સ્પેશિયલ કેમ મોર્ટાર મટીરીયલ ફીટ કરાયું છે. જેથી નીચેના માળ પર કંપન અનુભવાશે નહીં. કોઈ જર્ક લાગશે નહીં. વધુમાં કોઈ સંજોગાવશાત રિપેરિંગની જરૂર પડે તો સરળતાથી સ્લેબ અલગ કરી શકાશે. કારણ કે બ્લોકવાઈઝનું તેનું ફિટિંગ કરાયું છે.

### જાપાનીઝ કન્સેપ્ટના...

ટિકિટ લઈ આવનાર મુસાફર અહીં એસ્કેલેટર અને લિફ્ટની મદદથી સીધા પ્લેટફોર્મ પર જઈ શકશે. પેઈડ એરિયામાં પણ બે એસ્કેલેટર અને બે લિફ્ટ છે. જોકે, આ એરિયામાં રિફ્લેક્ટરવાળા બે બીમ છે, જેનાથી લાઈટ એવી રીતે પ્રકાશ ફેંકશે કે સમગ્ર એરિયા ઝળહળી ઉઠશે. અહીં એક વિશાળ દિવાલ પર વોલ પેઈન્ટિંગ કરવામાં આવનાર છે. અહીં બે વેઈટિંગ એરિયા પણ બનાવાયા છે.